50 રૂ. ઉઘરાણી, છતાં લારીગલ્લા ટાર્ગેટ!

બારડોલી નગરપાલિકાની દબાણ હટાવ ઝુંબેશમાં ભેદભાવની નીતિ, મોટા બિલ્ડરો સામે કોઈ કાર્યવાહી નહીં

બારડોલીઃ બારડોલી નગરપાલિકાની દબાણ હટાવ ઝુંબેશ ભેદભાવપૂર્ણ રીતે થઈ રહી હોવાના આરોપ લાગી રહ્યા છે. રોડની આજુબાજુ માત્ર લારી ગલ્લાવાળાઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે.

બારડોલી નગરપાલિકા દ્વારા રોડની સાઈડે લારી ગલ્લા મૂકી ધંધો કરતાં નાના વેપારીઓ પાસે 50 રૂપિયા પ્રતિદિનની ફી લેવામાં આવે છે, તેમ છતાં દબાણના નામે તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી હોય ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, નગરપાલિકા દ્વારા જ દશામાની મૂર્તિનું વેચાણ કરતી એક મહિલા વેપારીને 3900 રૂપિયા લઈને મંડપ પાડવાની પરવાનગી આપવામાં આવી હતી. તેમ છતાં દબાણના બહાના હેઠળ તેનો મંડપ તોડી નાંખી સામાન ભરી લીધો હતો. અગાઉ નોટિસ આપ્યા બાદ મંગળવારે પાલિકા દ્વારા રોડની સાઈડે મૂકેલી લારીઓ તેમજ દુકાનની બહાર પાડવામાં આવેલા મંડપ અને પ્રદર્શનમાં મૂકેલો સામાન ઉઠાવી લેવામાં આવ્યો હતો. બીજી તરફ મોટા બિલ્ડરો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. બારડોલીમાં અવારનવાર રોડના કિનારે દબાણ દૂર કરવામાં આવે છે પરંતુ પાર્કિંગ દબાવીને બેઠેલાં શોપિંગ સેન્ટરો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. કુલ 13 જેટલાં દબાણો હટાવી સામાન ટ્રેક્ટરમાં ભરી ગઈ હતી.

તેન રોડ પર રેલવેની દીવાલને અડીને આવેલા લારી ગલ્લાવાળા સાથે પાલિકાના કર્મચારીઓની તુંતું મેંમેં થઈ હતી. લોકો એકત્રિત થતાં ટ્રાફિક જામ થઈ ગયો હતો. અસ્તાન અને તેન રોડના લારી ગલ્લાવાળાઓ પાલિકાની આ કડક કાર્યવાહી સામે નગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા અને ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી. તેઓને વર્ષોથી કલેક્ટરના આદેશ છતાં જગ્યા ફાળવવામાં આવી નથી.

12 મિલકતધારકને પાલિકાની નોટિસ

બારડોલી નગરપાલિકા દ્વારા ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ સુવિધા અને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા અંગે 12 જેટલા મિલકતધારકોને નોટિસ ફટકારી છે. આ નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે, જે-તે દુકાનદારો દ્વારા દુકાને આવતા ગ્રાહકો માટે તથા અન્ય વપરાશકર્તાઓના વાહનો માટે યોગ્ય પાર્કિંગની સુવિધા તાત્કાલિક ઊભી કરવી એમજ કોઈપણ વાહન રોડ પર પાર્ક ન થાય તે જોવાની જવાબદારી પર જેતે દુકાનદારની રહેશે. તેમજ સાત દિવસમાં પાર્કિંગની વ્યવસ્થા અંગે કરવામાં આવેલી કાર્યવાહીની જાણ પાલિકાને કરવાની રહેશે. ખાસ કરીને હોટલ, ટ્યુશન ક્લાસિસ, તેમજ વધુ ગ્રાહકની અવરજવરવાળી દુકાનોને નોટિસ આપવામાં આવી છે. જો પાલન કરવામાં નહીં આવે તો નિયમો મુજબ કાર્યવાહી થશે.

અંધારવાડીના પરિવારને રૂ.4 લાખની સહાય

માંડવીઃ માંડવીના અંધારવાડી ગામના 42 વર્ષીય મુકેશભાઈ ગવજીભાઈ ચૌધરીનું વરેહ નદીમાં તણાઈ જવાથી મોત થયું હતું. આ દુઃખદ ઘટના બાદ ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ સરકારી તંત્ર સાથે સંકલન સાધી વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાવી હતી. ધારાસભ્યના સંવેદનશીલ પ્રયાસોથી આ ગરીબ આદિવાસી પરિવારને મળવાપાત્ર રૂ.4 લાખની નાણાકીય સહાય માત્ર પાંચ જ દિવસમાં મંજૂર થઈ હતી. ધારાસભ્યએ અંધારવાડી ગામે રૂબરૂ પહોંચી પરિવારજનોને દિલસોજી પાઠવી રૂ.4 લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ નીરવભાઈ લાડ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ જતીનભાઈ ચૌધરી, સ્થાનિક આગેવાન વિજયભાઈ પટેલ અને અંધારવાડીના સરપંચ નવજીભાઈ કોટવાળીયા સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વ્યારા RFO સહિત બેનાં મોત પ્રકરણમાં વન વિભાગનો સકંજો

આરોપીઓના ઘરેથી લાકડાં સહિતનો રૂ.7.96 લાખનો મુદ્દામાલ કબજે

વ્યારાઃ સોનગઢ નજીક ખેરનાં લાકડાંની તસ્કરી કરતી કારનો પીછો કરતી વખતે સર્જાયેલા અકસ્માતમાં વ્યારા વન વિભાગના RFO વિકાસ દેસાઈ સહિત બેનાં મોત નીપજ્યાં હતાં. આ મામલે વન વિભાગે પકડાયેલા કાર ચાલક નિતેશ અશોક વસાવાનાં 30 જુલાઈથી 4 દિવસનાં રિમાન્ડ મેળવી કડક પૂછપરછ હાથ ધરી હતી, જેના આધારે વન વિભાગે અન્ય આરોપીઓ સુધી પહોંચીને કુલ રૂ.7.96 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસ દરમિયાન આરોપી ફિલિપ નામના શખ્સના ઘરેથી તસ્કરીમાં વપરાતી બુલેટ મોટરસાઇકલ નં.(GJ 26 AA 9742), ઈનોવા કાર (GJ 26 A 2299) અને પાંજરામાં કેદ પોપટ જપ્ત કરાયો હતો. આ ઉપરાંત, ડ્રાઈવર નિતેશના ઘરેથી પણ એક પોપટ કબજે કરાયો છે. વન વિભાગની ટીમે મહારાષ્ટ્રના નવાપુર તાલુકાના ડોકરિયા ગામે રહેતા આરોપી સંદીપ શંકર વળવીના ઘરેથી કટર મશીન, કુહાડી અને ખેર, સાગ, મહુડા તથા તણશ જેવાં કીમતી લાકડાં જપ્ત કર્યાં હતાં. સાથે જ મહારાષ્ટ્રના લક્કડકોટ ગામે ખેતરમાંથી 0.153 ઘન મીટર ખેરના 7 નંગ લાકડાં શોધી કાઢ્યાં હતાં. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં કુલ રૂ.90,000ની કિંમતનું ખેરનું લાકડું (23 નંગ), રૂ.3.50 લાખની ઈનોવા, રૂ.2 લાખની ઈકો કાર, રૂ.1.50 લાખની બુલેટ, વૃક્ષ કાપવાનાં હથિયારો અને 2 પોપટનો સમાવેશ થાય છે. આ સમગ્ર ગુનામાં સંડોવાયેલા અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વન વિભાગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાયણમાંથી મોપેડ ચોરનારા બે ઝડપાયા

પલસાણા, સાયણઃ સુરત ગ્રામ્ય એલસીબીએ સાયણની ફ્લોરલ હોસ્પિટલ પાસેથી વાહન ચોરીના બે આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસે ૪૦ હજારની કિંમતનું ચોરાયેલું મોપેડ જપ્ત કર્યું છે. પકડાયેલા આરોપીઓની ઓળખ દિવ્યેશકુમાર ઉર્ફે ચિન્ટુ પટેલ (ઉં.વ.૨૩) (હાલ રહે.,સાયણ, મૂળ-વિહારા) અને હિરેનભાઈ વસાવા (ઉં.વ.૧૯) (હાલ રહે.,સાયણ, મૂળ-નાના ઉમરપાડા) તરીકે થઈ છે. ચાર દિવસ પહેલાં સાયણના રાંદેલ શોપિંગ સેન્ટર પાસેથી મોપેડ ચોર્યાની તેમણે કબૂલાત કરી છે. બંને વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. દિવ્યેશ અગાઉ પણ ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે.

વ્યારાના કાટગઢમાં SMCનો દરોડોઃ રૂ.16.11 લાખનો દારૂ ઝડપાયો

ત્રણ બુટલેગરની અટકાયત, ત્રણને વોન્ટેડ જાહેર કરાયા

વ્યારાઃ વ્યારાના તાડકૂવા પાસે કાટગઢ ખાતે આવેલા ગોચરની ખુલ્લી જગ્યામાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડી મોટા પાયે ચાલી રહેલા દારૂના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો હતો. SMCના આ દરોડાથી સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે અને ઊંઘતી ઝડપાઈ છે.

મળતી માહિતી મુજબ ગત ૩ ઓગસ્ટના રોજ વ્યારાના તાડકૂવા ગામના ગોચરમાં બિનધાસ્ત રીતે વિદેશી દારૂનો જથ્થો સગેવગે કરવામાં આવી રહ્યો હતો. SMCએ દરોડો પાડીને ઘટના સ્થળેથી જિગ્નેશ નટુ ગામીત, વિકાસ બચુ ગામીત અને મિતુલ મિનેશ ચૌધરી નામના ત્રણ બુટલેગરને ઝડપી પાડ્યા હતા. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપી મુકેશ મુન્ના અશ્વિન ગામીત, મનીષ રમણ ગામીત અને રિતેશ ઉર્ફે રીતલો બુઢીયા હળપતિને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની બાટલીઓ અને બિયરના ટીન મળી કુલ ૬,૪૪૪ નંગ (કિં. રૂ.૧૬,૧૧,૬૪૮) જપ્ત કર્યા છે. આ ઉપરાંત ૨૦,૦૦૦ની કિંમતના ૪ મોબાઈલ ફોન તથા ૩૩,૨૫,૦૦૦ની કિંમતનાં ૫ વાહનો મળીને કુલ ૪૯,૫૭,૨૬૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. SMCએ પકડાયેલા તમામ આરોપીઓ અને મુદ્દામાલને આગળની કાર્યવાહી માટે કાકરાપાર પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

ધોળા દિવસે પાડેલા આ દરોડાને પગલે તાપી જિલ્લાના અન્ય બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે, જ્યારે સ્થાનિક પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

કુકરમુંડા APMCમાં તમામ 16 ઉમેદવાર બિનહરીફ ચુંટાયા

ભાજપ પ્રેરિત પેનલની ક્લીન સ્વીપ

કુકરમુંડાઃ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC), કુકરમુંડા સામાન્ય ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીત અને તાપી જિલ્લા ભાજપ પ્રમુખ સૂરજભાઈ વસાવાના નેતૃત્વ હેઠળ ભાજપ સમર્થિત તમામ 16 ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

આ ચૂંટણીમાં ખેડૂત મત વિભાગમાં મધુકરભાઈ વસાવે, ખુશાલભાઈ મરાઠે, સુભાષભાઈ પાડવી, સંદીપભાઈ મરાઠે, વિક્રમભાઈ વસાવે, અશોકભાઈ પટેલ, લક્ષ્મણભાઈ વસાવે, શાંતિલાલ મંગેશ ચૌધરી, રોહિતદાસભાઈ વળવી અને મહેન્દ્રભાઈ પટેલ ડિરેક્ટર તરીકે બિનહરીફ ચુંટાયા હતા. જ્યારે વેપારી મત વિભાગમાં મગનલાલ ઉત્તમભાઈ ચૌધરી, ભાસ્કરભાઈ મરાઠે, આશિષકુમાર ગોયલ અને રાકેશભાઈ ચૌધરી ડિરેક્ટર તરીકે બિનહરીફ ચુંટાયા હતા અને સહકારી ખરીદ-વેચાણ મંડળી મત વિભાગમાં ધનશ્યામભાઈ શ્રીરામભાઈ પટેલ અને શ્રીરામભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ડિરેક્ટર તરીકે બિનહરીફ ચુંટાયા હતા. આ ભવ્ય વિજય બાદ હવે નવનિયુક્ત ચેરમેનની રેસનો નિર્ણય 10 ઓગસ્ટ પછી થશે.

બોલાવ ગ્રુપ સહકારી મંડળીની ચૂંટણીમાં જશવંતસિંહ ખેરનો વિજય

કીમઃ કીમ ખાતે આવેલી 'બોલાવ ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.'ની સામાન્ય ચૂંટણીમાં જશવંતસિંહ પ્રભાતસિંહ ખેરે સર્વાધિક 171 મત મેળવી વિજય હાંસલ કર્યો છે. તેમણે પોતાના નજીકના હરીફ કરતાં 19 મતની સરસાઈ મેળવી હતી.

પરિણામ અનુસાર હિંમતસિંહ મધુસિંહ સોલંકી 152 મત મેળવી બીજા ક્રમે રહ્યા હતા, જ્યારે કિરીટસિંહ પરભુસિંહ વરાછીયાને 142 મત મળતાં તેઓ ત્રીજા સ્થાને રહ્યા હતા. આ ઉપરાંત અન્ય ઉમેદવારોમાં અજીતસિંહ મોહનસિંહ સોલંકીને 117 મત, હિતેશકુમાર રાજેન્દ્રસિંહ ભરથાણીયાને 105 મત અને કલ્પેશકુમાર સુરેન્દ્રસિંહ બોરસીયાને 5 મત સાંપડ્યા હતા. ચૂંટણીનું પરિણામ જાહેર થતાં જ જશવંતસિંહ ખેરના સમર્થકો અને સહકાર પેનલના કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. વિજયના સમાચાર મળતાં જ સમર્થકોએ એકબીજાનું મોં મીઠું કરાવી, ગુલાલ ઉડાડીને ભવ્ય ઉજવણી કરી હતી તથા વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યાં હતાં.

કામરેજ સુગરમાં 18 કમિટી સભ્ય માટે 66ની ઉમેદવારી

10મી જુલાઈએ ફોર્મ પરત ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થશે

કામરેજઃ કામરેજ સુગરની ચૂંટણીમાં ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિને 18 કમિટી સભ્ય માટે કુલ 66 ઉમેદવારે નોંધાવી છે. પરંતુ ઉમેદવારીપત્રો ખેંચવાના અંતિમ દિને ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

કામરેજના નવી પારડી ખાતે આવેલી ખેડૂતોની જીવાદોરીસમાન કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણી જાહેર થતાં સહકારી રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે, જેમાં સુગરના 14 ઝોન સહિત બે મહિલા અમાનત, નાના સીમાંત તેમજ એસ.સી., એસ.ટી. સહિત કુલ 18 કમિટી સભ્ય માટે છેલ્લા ચાર દિવસમાં કુલ 66 ઉમેદવાર પોતાની ઉમેદવારી નોંધાવી હતી, જેમાં ઘલા ઝોનમાં બે, કઠોર ઝોનમાં 2, વાવ ઝોનમાં બે, કામરેજ ઝોનમાં બે, દિગસ ઝોનમાં પાંચ, જોખા ઝોનમાં ચાર, ઓલપાડ ઝોનમાં ચાર, સાંધીએર ઝોનમાં પાંચ, કુડસદ ઝોનમાં ચાર, એરથાણ ઝોનમાં બે, બૌધાન ઝોનમાં ચાર, લીંબાડા ઝોનમાં ત્રણ, પીપોદરા ઝોનમાં પાંચ ઉમેદવાર, મોટા વરાછા ઝોનમાં પાંચ ઉમેદવાર, અનુસૂચિત જાતિ-જનજાતિમાં નવ ઉમેદવાર, નાના સીમાંત બે ઉમેદવાર, બે મહિલા અમાનત માટે છ ઉમેદવારે ઉમેદવારી કરી છે. પરંતુ આખરી ચિત્ર આગામી 10મી જુલાઈના રોજ ઉમેદવારી પરત ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થશે.

કડોદરામાં બીમારીને કારણે આધેડનું મોત

પલસાણાઃ તાતીથૈયા સ્થિત સોનીપાર્ક-૨માં રહેતા મૂળ રાજસ્થાનના ૫૯ વર્ષીય મિન્ટુ રાજેન્દ્રસિંહ ભાડી રૂમમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બારડોલીના આશિયાના નગરમાં પરિણીતાનું બીમારીથી અકાળે મોત

બારડોલીઃ બારડોલીના આશિયાનનગરમાં રહેતી ૩૨ વર્ષીય પરિણીતાનું બીમારીના કારણે આકસ્મિક મોત નીપજ્યું હતું. રાત્રે માથું દુખવા અને ચક્કર આવવાની ફરિયાદ બાદ હોસ્પિટલમાં સારવાર અને ત્યારબાદ દુઆ કરાવવા છતાં મહિલાની તબિયત લથડી હતી, અને રસ્તામાં જ મોત થયું હતું.

બારડોલીના આશિયાનનગર વિસ્તારમાં રહેતા અમાનત અલીનાં ૩૨ વર્ષીય પરિણીતા શાહજહાબાનુનું અચાનક તબિયત બગડતાં મોત નીપજ્યું છે. રાત્રે માથું દુખવા અને ચક્કર આવવાની ફરિયાદ થતાં તેમને બારડોલીની જમનાબા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાવવામાં આવી હતી. સારવાર બાદ ઘરે લાવ્યા પછી પણ વહેલી સવારે ફરી ચક્કર આવતાં પરિવારજનો તેમને દુઆ કરાવવા માટે બોધાન ગામે લઈ ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે રસ્તામાં મહિલાની તબિયત વધુ લથડી હતી અને શરીરનું હલનચલન બંધ થઈ ગયું હતું. તેમને તાત્કાલિક સરદાર સ્મારક હોસ્પિટલ લઈ જવાતાં તબીબોએ મૃત જાહેર કર્યાં હતાં. આ બનાવ અંગે મૃતકના પતિ અમાનત અલીની ફરિયાદના આધારે બારડોલી ટાઉન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

પાલીમાં અકસ્માતમાં આધેડનું મોત

કામરેજઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઇવે પર કામરેજના પાલી ગામની હદમાં પટોળા સાડીનાં પાર્સલ સાથે નાગપુર જઈ રહેલી સ્વિફ્ટ કાર નં.(જીજે 03 ડીએન 3325) આગળ ચાલતી ટ્રક પાછળ અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં રાજકોટના નેશનલ ઇન્સ્યોરન્સ કંપનીના કર્મચારી નરેન્દ્રભાઈ જેરામભાઈ વાઢેર (ઉ.વ.૫૬)નું ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું, જ્યારે તેમના ભત્રીજા નિખિલ વાઢેર ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અંગે કામરેજ પોલીસે કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પલસાણાની રિયાન મિલમાં 30 ફૂટ ઊંચેથી નીચે પટકાતાં શ્રમિકનું મોત

પલસાણાઃ પલસાણાની રિયાન પેપર મિલમાં આશરે ૩૦ ફૂટની ઊંચાઈએ સિમેન્ટનાં પતરાં ફિટ કરતી વખતે પગનું સંતુલન ગુમાવતાં નીચે પટકાયેલા ૧૮ વર્ષીય યુવાન શ્રમિકનું મોત નીપજ્યું હતું. મૂળ બિહાર અને હાલ તાતીથૈયા રહેતા અમોદકુમાર જોગેશ્વર રાય (ઉ.વ.૧૮) મિલમાં શેડ પર પતરું લઈ જતા સમયે અચાનક બેલેન્સ ગુમાવતાં સીધા નીચે લોખંડના મશીન પર પટકાયા હતા. ગંભીર ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું.

ડભારીના લિસ્ટેડ બુટલેગર કાંતિ પટેલને પાસા

સાયણઃ ઓલપાડના ડભારી ગામના તળાવ ફળિયાના કુખ્યાત લિસ્ટેડ બુટલેગર કાંતિ છગન પટેલ (ઉ.વ.૪૬) સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ઓલપાડ પોલીસ મથકમાં ૨૪ પ્રોહિબિશનના ગુના ધરાવતા આ આરોપી વિરુદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વોરંટ ઈશ્યુ કરાયું હતું. સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને ઓલપાડ પોલીસે સંયુક્ત કામગીરી કરી આરોપીની અટકાયત કરી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપ્યો છે.

કડોદરામાં ભિક્ષુકનો મૃતદેહ મળ્યો

પલસાણાઃ કડોદરા ખાતે અકળામુખી હનુમાનજી મંદિર પાસે શેડમાંથી ૫૦થી ૫૫ વર્ષના અજાણ્યા ભિક્ષુકનો મૃતદેહ મળ્યો હતો. જેમના જમણા હાથે નાનુ શંકર નામનું છૂંદણું હતું. મૃતકની ઓળખ મેળવવા કડોદરા પોલીસે તપાસ હાથ ધરી છે.

વાંકાનેડામાં પડી જવાથી આધેડનું મોત

પલસાણાઃ વાંકાનેડા ગામે હળપતિવાસમાં રહેતા અને મૂળ ઓરિસ્સાના ૫૧ વર્ષીય પ્રકાશ કાલિયા મેંઢા ઘરના શૌચાલયમાં અચાનક પડી ગયા હતા. બેભાન હાલતમાં તેમને ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે એ.એસ. આઈ. દિલીપભાઈએ આગળની તપાસ હાથ ધરી છે.

કામરેજના લિસ્ટેડ બુટલેગરને પાસા

પલસાણાઃ સુરત જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી છે. કામરેજ અને માંગરોળ વિસ્તારમાં ગેરકાયદે વિદેશી દારૂનો વેપલો કરતાં ખોલેશ્વરના લિસ્ટેડ બુટલેગર હિતેશ ઉર્ફે લાલુ વસાવા સામે પાસાનું વોરંટ ઇશ્યુ કરાયું હતું. સુરત જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી બાદ એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે આરોપીની અટકાયત કરી તેને વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો છે.

તાતીથૈયામાં યુવકે ફાંસો ખાઈ લીધો

પલસાણાઃ પલસાણાના તાતીથૈયા સ્થિત સોનીપાર્ક-૨માં એક ૨૧ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના ચિત્રકૂટના વતની અને મજૂરીકામ કરતા વિજય જંગલીયા યાદવે ૩ ઓગસ્ટના રોજ પોતાના ભાડાના રૂમમાં સીલિંગ પંખા સાથે દુપટ્ટો બાંધી આ અંતિમ પગલું ભર્યું હતું. આ બનાવ અંગે રૂમમેટ અજય યાદવે જાણ કરતાં કડોદરા જી.આઇ. ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએમ અર્થે અર્થે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.

પલસાણામાં અજાણ્યાનો મૃતદેહ મળ્યો

પલસાણાઃ પલસાણાના ભીંડી બજાર વિસ્તારમાંથી ૩ ઓગસ્ટે ૫૦ વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતકના ડાબા હાથ પર 'રાજવીર' નામનું છૂંદણું છે. બીમારીના કારણે મોતની આશંકા વચ્ચે પલસાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં મહિલા સ્વરોજગાર મેળો યોજાયો

ભરૂચઃ ગુજરાત રાજ્ય ગાંધીનગરના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને જિલ્લા રોજગાર કચેરી ભરૂચ દ્વારા રોટરી ક્લબ, ભરૂચ ખાતે 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને મહિલાઓને પ્રોત્સાહિત કરી હતી.

GSDMAના નાણા નિયામક કતપોરની મુલાકાતે

ભરૂચઃ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA), ગાંધીનગરના નાણા નિયામક બી.એફ.પટેલે મંગળવારે ભરૂચના દરિયાઈ કાંઠે કતપોર ખાતે આવેલા સાયક્લોન શેલ્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે શેલ્ટરની ભૌતિક સ્થિતિ, જળ નિકાલ, કટોકટી સાધનો, ખાદ્યપાણીની વ્યવસ્થા અને સંચાર સુવિધાઓની સમીક્ષા કરી હતી.